### ડૉ. વિક્રમ સારાભાઈની જન્મતિથિ નિમિત્તે

# આજે નિસર્ગ સાયન્સ સૅન્ટર ખાતે બાળ વૈજ્ઞાનિકોની સંસદ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા ભારતીય અવકાશી સંશોધનના પ્રણેતા ડૉ. વિક્રમ સારાભાઈની જન્મતિથિ નિમિત્તે સોમવાર, તા. ૧૨મી ઑગષ્ટના રોજ 'બાળ વૈજ્ઞાનિકોની સંસદ' યોજવામાં આવી છે.

સવારે ૯ કલાકે નિસર્ગ સાયન્સ સૅન્ટર ખાતે આયોજિત આ અનોખા કાર્યક્રમમાં ગાંધીનગરની વિવિધ સ્કૂલ્સના વિદ્યાર્થીઓ વિવિધ વૈજ્ઞાનિકોની વેશભૂષા ધરીને તેમનાં જીવન-કાર્યો અંગે પરિચય આપશે.

પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂપિયા ૫૦૦, ૩૦૦ અને ૨૦૦નો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. ગાંધીનગરની વિજ્ઞાનપ્રેમી જનતાને બાળ વૈજ્ઞાનિકોની આ સંસદ નિહાળવા માટે નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયોજક હાર્દિક મકવાણા તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મધર ટૅરેસા વર્લ્ડ સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલના વિદ્યાર્થીઓએ 'મિશન ગ્રીન'ના ભાગરૂપે સ્કૂલના આંગણામાં વૃક્ષારોપણ કર્યું હતું. શહીદ વીર વિનોદ કિનારીવાળાની સ્મૃતિમાં આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સ્કૂલના ટ્રસ્ટી મુકેશ પટેલ અને આચાર્ય રાજી ડેનિસ પણ તેમની સાથે જોડાયા હતા. વન વિભાગના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ભાવિન વ્યાસ અને રેડિયો મિર્ચીના આરજે મિત તથા પ્રતીક ઠક્કર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે એક માસથી સ્કૂલ દ્વારા ચાલતા આ અભિયાન અંતર્ગત ૪૦૦ કરતાં પણ વધારે વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું છે.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ઍક્સપર્ટ સૅમિનારનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા બ્રહ્માણી કૃપા હૉલ ખાતે અંગ્રેજી વિષયના ઍક્સપર્ટના સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીઍલઍસ યુનિવર્સિટીના મૅનેજમૅન્ટ વિભાગના આસિ. પ્રૉફેસર નીતિન પિલ્લાઈ દ્વારા 'કૉર્પોરેટ કમ્યુનિકેશન અને એટીકેટ્સ' વિષયે તથા ઈન્ડસ યુનિવર્સિટીમાં સાયન્સ અને હ્યુમેનિટી વિભાગમાં પ્રૉફેસર તરીકે ફરજરત મમતા પિલ્લાઈએ 'પ્રનન્સીએશન ઈન ઈંગ્લિશ' વિષયે વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમમાં પ્રથમ ત્રણ સૅમેસ્ટરના ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સૅમિનારનું આયોજન અને સંચાલન ડૉ. જીનાલી પટેલ દ્વારા આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### પદ્મશ્રી ડૉ. ઍસ આર રંગનાથનની જન્મ જયંતિ નિમિત્તે

# રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે નવાં પુસ્તકોનું પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે પદ્મશ્રી ડૉ. ઍસ આર રંગનાથનની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે નવીન સ્પર્ધાત્મક સાહિત્ય અને શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ લીધો હતો. ગ્રંથાલય નિયામક સુનીલભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમે ગ્રંથાલય ખાતાની કામગીરીથી સૌને અવગત કરાવ્યાં હતાં. ગ્રંથપાલ ડૉ. પંકજ કે ગોસ્વામીએ ડૉ. રંગનાથનની ગ્રંથાલય ક્ષેત્રની અગ્રગણ્ય સિદ્ધીઓથી સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ અને વાચકોને ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરી હતી.

# રેડિયન્ટ સ્કૂલમાં ઉજવાયો 'બ્લૂ ડે'




સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે 'બ્લૂ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓ વિવિધ રંગો, આકારો, વસ્તુઓ વગેરેની સમજ કેળવે તે હેતુસર વર્ષ દરમિયાન યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જુનિયર કેજી અને સિનિયર કેજીનાં તમામ બાળકો બ્લૂ રંગના પોષાકમાં જોવા મળ્યા હતા. શિક્ષકોએ બાળકોને રંગોની પ્રત્યક્ષ સમજૂતી આપી હતી. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ વિદ્યાર્થીઓને આ ઉજવણી માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તાજેતરમાં ઈનામ વિતરણ કાર્યક્રમ 'લક્ષ : ૨૦૧૮-૧૯'નું આયોજન ખીમજી વિશ્રામ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. ફિઝિકલ ફિટનેસ પર આધારિત આ ઈવેન્ટ માટે ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ફાઈનલ રાઉન્ડમાં ૧૪ ભાઈઓ અને ૧૪ બહેનોનું સિલેક્શન કરવામાં આવ્યું હતું. ફાઈનલ રાઉન્ડ રાનીચોરી ખાતે યોજવામાં આવ્યો હતો. સ્પર્ધામાં અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી વિક્રમ સાગટીયા પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા, જેમને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના હસ્તે વિજેતા ટ્રોફી, પ્રમાણપત્ર, રૂા. ૧૦ હજાર રોકડ અને જીમ્નેશિયમ કિટ એનાયત કરવામાં આવી હતી. બહેનોના વિભાગમાં ઍમપીસીસી કૉલેજનાં વિદ્યાર્થિની નિશા વિદ્યાનીયા પ્રથમ ક્રમે વિજેતા બન્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લક્ષનાં સંયોજક નૌરીન વૈપના અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# અનંત યુનિવર્સિટીનો બીજો પદવીદાન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૧૧

ભારતની પ્રથમ ડિઝાઈન યુનિવર્સિટી - અનંત રાષ્ટ્રીય યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહનું આયોજન તાજેતરમાં કરવામાં હતું.

વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત અનંત ફેલોશિપ કાર્યક્રમના એક વર્ષ દરમિયાન, યુવા વિદ્યાર્થીઓએ પ્રખ્યાત ફેકલ્ટી અને ઉદ્યોગ નિષ્ણાતો અને પદ્મશ્રી એવોર્ડ મેળવેલા શિક્ષકો જેવાકે ડો. મિશેલ ડેનિનો, ડેનિયલ પર્લ- પ્રોફેસર (મોન્ટ્રીયલ યુનિવર્સિટી), ડો. પ્રીતિ શ્રોફ- ડીન, માઈકા, અમિત ગુલાતી- સ્થાપક, ઈંકુબિસ ડિઝાઈન, અમરેશ્વરગલ્લા, વિઝિટિંગ પ્રોફેસર, એસપીએ વિજયવાડા- ભારત એચઆરડી મંત્રાલય, પ્રો.ઈન્દિરા પરીખ- ફ્લેમ યુનિવર્સિટીના ભૂતપૂર્વ સ્થાપક અને પ્રમુખ, ડો. મીનીયા ચેટર્જી-સસ્ટેન લેબ્સ પેરિસના સીઈઓ, ગગન સેઠી- ડિરેક્ટર અને સ્થાપક, ઓક્સફેમ ઈન્ડિયા, જાનવિકાસ અને અન્ય નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનું જ્ઞાન પિરસવામાં આવ્યું હતું.

૨૦૧૮-૧૯ની બેચમાં ૨૨ વિદ્યાર્થીઓનો અભ્યાસ કરતા હતા જેમના દ્વારા ભારતના ૧૬ રાજ્યો અને બે આંતરરાષ્ટ્રીય દેશો - ઘાના અને ઈરાનનું પ્રતિનિધિત્વ થયું હતું. આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ, આયોજન, પર્યાવરણ, ડિઝાઈન, કાયદો, વ્યવસ્થાપન, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વેગેર જેવાં અન્ય ક્ષેત્રોનાનું ગહન અધ્યયન આ ૨૨ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ જ કાર્યક્રમમાં ડિઝાઈન, આર્કિટેક્ચર અને પ્લાનિંગના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

લોઢા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર અભિષેક લોઢા, આઈઆઈટી ગાંધીનગરના ભૂતપૂર્વ નિયામક ડો.સુધીર જૈન, અને ફ્લેમ યુનિવર્સિટીના સ્થાપક અને પ્રમુખ ઈન્દિરા પરીખે વગેરે દિગ્જજો આ કાર્યક્રમની શોભા વધારવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૩



ઉમેશચંદ્ર પી વ્યાસ
મો. ૯૪૨૬૪ ૧૫૭૯૯



રેખા રાવલ
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮



યશરાજ ધર્મેન્દ્ર કાપડીયા
મો. ૯૪૨૭૦ ૦૮૩૫૭



ક્રિશા પંકજકુમાર શ્રીમાળી
મો. ૭૦૪૩૦ ૩૫૧૦૫

## ગાંધીયાત્રા

# સાડા ત્રણ કરોડ પાઉન્ડનો કર

મિ. ચેમ્બરલેન સાડા ત્રણ કરોડ પાઉંડ દક્ષિણ આફ્રિકાથી લેવા આવ્યા હતા, અંગ્રેજોનું અને બની શકે તો બોઅરોનું મન હરણ કરવા આવ્યા હતા. એટલે હિંદી પ્રતિનિધિઓને ઠંડો જવાબ મળ્યો.

'તમે જાણો છો કે જવાબદાર સંસ્થાઓની ઉપર વડી સરકારનો માત્ર નામનો અંકુશ છે. તમારી ફરિયાદો સાચી લાગે છે. હું મારાથી બનતું કરીશ, પણ તમારાથે બને તેવી રીતે અહીંના ગોરાઓને રીઝવીને રહેવાનું છે.'

પ્રતિનિધિઓ જવાબ સાંભલી ટાઢાબોળ થઈ ગયા. મેં હાથ ધોયા. 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી ફરી એકડો ઘૂંટવા બેસવું એમ સમજ્યો. સાથીઓને સમજાવ્યા.

મિ. ચેમ્બરલેનનો જવાબ શું ખોટો હતો? ગોળ ગોળ કહેવાને બદલે તેઓ સીધું બોલ્યા. 'મારે તેની તલવાર'નો કાયદો તેમણે કંઈક મધુર શબ્દોમાં સમજાવી દીધો.

પણ અમારી પાસે તલવાર જ ક્યાં હતી? અમારી પાસે તો તલવારના ઘા ઝીલવાના શરીરોય ભાગ્યે હતાં.

મિ. ચેમ્બરલેન થોડાં અઠવાડિયાં જ રહેવાના હતા. દક્ષિણ આફ્રિકા એક નાનકડો પ્રાંત નથી. એ એક દેશ છે, ખંડ છે. આફ્રિકામાં ઘણાં પેટા ખંડો સમાયા છે. કન્યાકુમરીથી શ્રી નગર જો ૧૯૦૦ માઈલ છે, તો ડરબનથી કેપટાઊન ૧૧૦૦ માઈલથી ઓછું નથી. આ ખંડમાં મિ. ચેમ્બરલેનને પવનવેગે ફરવું હતું. તેઓ ટ્રાન્સવાલ ખાતે ઉપડ્યા. મારે ત્યાંનો કેસ તૈયાર કરી રજૂ કરવો રહ્યો. પ્રિટોરિયા કઈ રીતે પહોંચવું? ત્યાં હું વખતસર પહોંચીશકું એ માટે પરવાનગી મેળવવાનું આપણા લોકોથી બની શકે તેમ નહોતું.

લડાઈ પછી ટ્રાન્સવાલ ઊજડ જેવું થઈ ગયું અહ્તું. ત્યાં ખાવા પીવા અનાજ નહોતું. પહેરવા-ઓઢવા કપડાં નહોતાં. ખાલી અને બંધ થઈ ગયેલી દુકાનો ભરવી અને ઊઘાડવી રહી. તે તો ધીમે ધીમે થાય. જેમ મલ ભરાતો જાય તેમ ઘરબાર છોડી ભાગી ગયેલા માણસોને આવવા દેવાય. આથી દરેક ટ્રાન્સવાલવાસીને પાસ લેવો પડતો. ગોરાઓને તો પરવાનો માગ્યો મળતો. હિંદીઓને મુસીબત હતી.

લડાઈ દરમ્યાન હિંદુસ્તાનથી અને લંકાથી ઘણા અમલદારોને સિપાહીઓ દક્ષિણ આફ્રિકામાં આવી પહોંચ્યા હતા. તેમાંના જેઓ ત્યાં જ વસવા માગતા હોય તેમને સારુ સગવડ કરી દેવાની બ્રિટિશ રાજ્યાધિકારીઓની ફરજ મનાઈ હતી. અમલદારોનું નવું મંડળ બનાવવાનું તો તેમને હતું જ. તેમાં આ અનુભવી અમલદારો સહેજે ખપ લાગ્યા. આ અમલદારોની તીવ્ર બુદ્ધિએ એક નવું જ ખાતું શોધી કાઢ્યું. તેમાં તેમની આવડત પણ વધારે તો ખરી જ! હબસીઓને લાગતું નોખું ખાતું તો હતું જ. ત્યારે એશિયા વાસીઓને સારુ કાં નહીં? દલીલ બરોબર ગણાઈ. આ નવું ખાતું, હું પહોંચ્યો ત્યારે, ખૂલી ચૂક્યું હતું, તે ધીમે ધીમે પોતાની જાળ પાથરી રહ્યું હતું. (ક્રમશઃ)

'સત્યના પ્રયોગો'માંથી સાભાર